દંપાતિવિરહ (ચંદ્રાકિતકા)

શૃંગાર રસમાં

આવૃતી ૧ લી

નકલ ૫૦૦

ગીતી.

પરમ દયાળૂ પાલક, પ્રભુપદ પંકજ નમી કરૂ વિનતી;
દંપતિ દુઃખ દળહારક, સહુ આર્યોની કરો ઈશ ચઢતી.

સુધારા વધારા સાથે

પ્રસિદ્ધ કરનાર

લક્ષમીશંકર નથુરામ પંડયા

વીરમગામ.

વીરમગામ સરસ્વતી પ્રેશમાં ફુલચંદ ખુબચંદ
ઠેકાણુ મોટા ભાટવાડામાં છાપી.

સવત ૧૯૪૩ સને ૧૮૮૭

કીમત રૂા. ૦—૪—૦



અર્પણપત્રીકા.

કવિત (મનહર)

આર્ય આપ્રેમી જનોના, પાદ પંકજને વિષે;
દંપતિના પુર્ણ પ્રેમનો, પ્રયાસ તો કરૂં
પ્રેમની ધ્વની શુણીને, ચિત્તમાં ઉલ્લાસધરી
સ્નેહથી ભરીત ગાન, મૂખમાંથિ આચરૂં
માટે ઓરશિક મારા, પ્રિયજનો પાત્રસારા;
ચરણમાં ધરૂં તારા, લઘુ આ પ્રયાસને.
નિર્મલ પ્રેમનું ધ્યાન, શૃંગારસે ભુલી ભાન;
કર્યું યથા મતિ તાન, અંગિકાર તો કરો. ૨

લી॰ તમારો પ્રેમમત્ત

પ્રસ્તાવના.

આ ભવ રંગ ભૂમિમાં મનુષ્ય, બીજા પ્રાણીઓ કરતાં ઉત્તમ ગણાયછે. સર્વ શક્તિમાન પ્રભુએ, જે અક્કલના ખજાનાની તેઓને બક્ષીશ કરેલી છે, તે વડે તેમણે પોતાના રક્ષણ તથા સુખાર્થે નાના પ્રકારના સાધનો સ્વીકારેલાંછે.

એ સાધનો પૈકી પુરૂષનો સ્ત્રી સાથે તથા સ્ત્રીનો પુરૂષ સાથે લગ્ન સબંધ, એ એક મોટું પરસપર રક્ષણ તથા સુખનું અદ્ભુત સાધનછે. ને તે સંસારીક વેહેવારમાં એટલું બધું કીમતી થઈ પડયુંછે કે, માણસ માત્રની ઘણી ખરી જીંદગીના ભાગમાં સુખ દુઃખ નો આધાર એ સાધન ઉપર ટકી રહેલો જોવામાં આવેછે.

પણ તે બધું જગતમાં સરખું જોવામાં આવતું નથી. કારણકે પુખ્ત વય નહીં થયે લગ્નની ગાંઠ બંધાએલી હોયછે, તેમજ જેવો જોઇએ તેવો વિદ્વતાનો પ્રસાર નહીં હોવાથી, તેમ સ્વયંવરનો ચાલ નહીં હોવાથી સ્ત્રી પુરૂષનાં અંતઃકરણ એક હોતાં નથી. ને મન જુદાં જુદાં જોવામાં આવે છે. તેથી આર્યોની સંસાર સ્થીતિ સારી જોવામાં આવતી નથી. ને દંપતિ(સ્ત્રી પુરૂષ) નો ખરો પ્રેમ એક બીજા પ્રત્યે જેવો જોઇએ તેવો જણાતો નથી. ને જ્યાં સુધી ઘર સંસાર સ્થિતી સારી ન હોય, ત્યાંસુધી બીજા સુધારા અમલમાં આવી શકતા નથી. ને દહાડે દહાડે વ્યભિચારાદિ દુર્ગુણનો વધારો થતો માલુમ પડેછે. ને તેથી દેશ હિતેચ્છુ પુરૂષોનાં અંતઃકરણ છિન્ન થાયછે.

આ લઘુ પુસ્તકમાં, એક ખરા વિદ્વાન અને કેળવાયેલા પુરૂષનો નિર્મલ અપૂર્વ પ્રેમ, તેની અર્ધાંગના પ્રત્યે

નો પોતાના વિયોગ ના વખતમાં વ્યભિચારાદી દુર્ગુણમાં નહીં ફસાયાથી, કેવો દહાડે દહાડે વધતો ગયેલોછે, ને આશાને આશામાં નિર્જીવ ચંદ્ર પ્રત્યેઊક્તિથી પોતાની અર્ધાંગનાની ખબર લેવા સંદેશો કહાવેછે, તે બાબતનો ચિતાર આમાં સમાવેલોછે.

અને તેથી ઊંચ અને નિર્મળ પ્રેમને કાંઈ પણ દુષણ નથી, એમ બતાવવા પ્રયત્ન કર્યોછે.

આ (ચંદ્રોક્તિકા) વિષય પ્રથમ કોઈ ચોપાનીયા દ્વારાએ મુંબાઈનિવાસી ભટ કેશવરામની બનાવેલી કવિતાઓ પ્રથક પ્રથક પ્રસિદ્ધ થએલી તેસર્વે એકઠી લેઈ તે આધાર સાથે તેમાં કેટલેક સુધારો વધારો કરી, ઘણા માણસોએ એકઠી થયેલી પ્રત પ્રસિદ્ધ કરવા ખુશી બતાવેથી મેં તેપ્રમાણે કરવા યત્ન કર્યોછે.

સુજ્ઞ અને વિવેકી વાંચનારાઓ આવીજ રીતે નિર્મલ પ્રેમને દુષણ નહીં લગાડતાં, પોતાની અર્ધાંગના પ્રત્યે ખરો પ્રેમ જાહેર કરશે, ને તેની સ્ત્રી પુરૂષો ખરેખરી કદર પિછાની, આ ભારત ભુમિમાં દંપતિનાં અખૂટ સુખનાં બારાં ઊઘાડી એકબીજા પ્રત્યે હળીમળીને ખરા રસ્તે ચાલશે, તો તેથી મારો કાંઈક હેતુ સફલ થયો એમ હું માનીશ. આ લઘુ પુસ્તક પ્રસિદ્ધ કરવાનું તાત્પર્ય પણ એજછે.

☞ આ પુસ્તક પ્રસિદ્ધ કરવાનો મારો પેહેલોજ પ્રયાસછે, માટે સુજ્ઞ અને વિવેકી વાંચનારાઓ ભુલ ચુક સુધારીને વાંચશો. એવી મારી નમ્ર વિનંતીછે.

પ્રસિદ્ધ કર્તા

3054

દંપતિ વિરહ (ચંદ્રાંકિતકા).

શાર્દૂલવિક્રીડિત છંદ.

પ્રભુ સ્તુતિ

શ્રી વિશ્વેશ્વર સર્વદા સુખદઈ, આનંદ કારી કરો;
વ્યાધી આપત ક્લેશ વિઘ્ન દિનતા, ચીંતા કુબુદ્ધિ હરો.
રાખી લાજ વધારજો જગતમાં, કીર્તી રૂડી માહરી;
સીદ્ધી સુયશ બુદ્ધિ સંપતસદા, દો ઇષ્ટ હર્ષે કરી. ૧

મંગલાચરણ

વીર્હે વ્યાકુળ અંગ નેત્ર ઝરતાં, વીતર્ક તર્કે ભર્યાં;
ઢાળ્યું ધાત્રી વિષે શરીર વદતાં, હા પ્રાણ પ્યારીપ્રિયા.
ઢાળી વાજળ પાયુ લક્ષ્મણવિરે, મૈત્રેર ને આશમાં,
તેશ્રીરામ સિતાપતી જગપતી, વંદું છુ હુલ્લાસમાં. ૨

વસંત તિલકા છંદ

આજ્ઞાપિતાનિ શિર માન્ય કરી નચાલે;
કો શેઠસૂત પરદેશ ગયોશિઆળે.
વાસો વસ્યો જઈ "મદર્શન પૂર" ભોગી;
કીધી પ્રિયા નવલ જોબનમાં વિજોગી. ૧
સોંપેલ કામથિ ફરાગત ના થવાયે;
રાતે દિનેસતિ વિલાસથિ સંભરાયે.
દીને દિને શરિર છેક ગળાતુ જાયે;
તેડયા વિના નિજ પૂરેપણુ ના જવાયે. ૨
વ્યાધી પિડા વિકળતાજડતાવિકારે;
વીતર્ક તર્ક મનમાં ઊઠતા અપારે.

નદ્રીં વિષાદ ઊનમાહ અનેક ચાળા;
પ્રોષાપિતા મુખ જપે વિરહે નભાળા.
અશ્વીનમાં શરદ પૂનમ પદીન નીસે;
બેઠો લક્ખુરશિ ઓંઘ્રીં અગાશિ રીસે.
ગૂલાબ જાઈજુઈ પુષ્પ રહ્યાં પ્રફૂલી;
જ્યાં ત્યાં બધે શરદ ઓચ્છર વેત ફૂલી ૪
નીચે તલાવ મહિ પોયણિ છે વિકાસી
આકાશમાં પુરણ ચંદ્ર રહ્યો પ્રકાશી.
બોચક્ર વાક વિરહે બળેલ્મૂન પાડે;
ઊંચે મુખે રસ ચકોર પિયે સ્વાદે. ૫
ચારે દિશા શરદ ચંદનિ છે ઢળેલી;
વાયૂથિ પૂષ્પનિ સુગંધ ઘણી ઊડેલી.
આ સર્વ દેખિ મદને ઢિક લાગ લીધો.
પ્યારી વિયોગિ જન ઊપર કોપ કીધો ૬
વાયૂલતા ફુલ તરૂ શશિ પૂર્ણ માસી;
સંયોગિને પણ કરે સુરતાભિલાસી.
તેજોઈ આદિરહિ વિહ્વળ થાય કામે;
એતો થઈ નથિ નવાઇનિ વાત નામે. ૭
નીહાળિ ચંદ્ર મુખ પ્યારિનુ યાદ આવ્યું;
વિરહાગ્નિ તાપથે શરીર ઘણુ ત્રવાયું.
જોઈ શશીભણિ વધ્યો પછિ થોડિવારે;
શા!સારૂ ચંદ્ર પડતા પર પાટુ મારે. ૮
છે ચંદ્ર મૂખ મુજ પ્યારિનુ તું થિ સારૂ;
તેતો કર્યું પ્રભુજીએ નહિ કર્મ મારૂં;

આણી અદેખઈ ગિરા મુખની નકામી;
શુ?તે.થેદે દુઃખ મને શશિ રોગ પામી. ૯
નીંદા પરાઈ પરનારિ પરાયુ વીત્ત;
ઈર્ષા પરાઈ જુઠ.સુજ્ઞ તજે ખચીત્ત.
રાખે સુખીજ સુખિને દુખિને દબાવે;
સારા જનોનુ નહિ લક્ષણએ સ્વભાવે. ૧૦
સંયોગિ રાખિસુખમાં દમતોવિયોગી;
એ પક્ષપાત થકિ લાંછન લાગ્યુ રોગી.
દે શાપ દંપતિ વિયોગિ મુખેથિ આવ્યો;
તે પાપથી શરિરમાં ક્ષય રોગ ફાવ્યો. ૧૧
સીંધુ પિતાનિ તજી ગંભિરતા મઝાની;
ત્યાગી સુધા વિરનિ શાંતિ રૂડી સદાની.
દયાળુ સ્વભાવ ધનવંતરિનો તજીને;
શા કારણે નિર્દય રીત રહ્યો સજીને. ૧૨
આ સર્વ લોક "શિતઅંશુ"તને કહેછે;
હું જાણુકે જન બધા ભુલતે કરેછે.
તું તો સ્વભાવિક પણે અતિ ઊષ્ણરેછે;
"ઊષ્ણાંશુ" નામ શશિ તેથિ તને ઘટેછે. ૧૩
સ્રીયો તણાં વદન ચંદ્ર પ્રકાશ પામે;
તારૂં જણાતુ નથિ ઊષ્ણ પણું તમાસે.
સ્રી ચંદ્ર કીર્ણ દુર જાય કનેથિ જ્યારે;
તે તારૂ ઊષ્ણ પણુ તો છતુ થાય ત્યારે ૧૪
એ વાક્ય બોલિ પછિ વાત મને વિચારી;
આજે અગાશિ મહિ પ્યારિ હશી પધારી

જોતો હશે શશિ ઊંચે થકિ ત્યાંજ તેને;
પૂછું પ્રિતે ખબર તેનિ પ્રણામિ એને. ૧૫
સાષ્ટાંગ દંડવત ચંદ્ર કરૂં પ્રણામ;
આપો ક્ષમા અધમ વાકયો કહ્યાનિ આમ.
કીધી પુજા ફુલઅબીલ ગુલાલ નાંખી;
સ્તૂતી કિધી વર્ણતિ બે કર જોડિ ઝાંખી. ૧૬
છો ચંદ્ર સર્વ જનને સુખકારિ વારૂં;
લાગો મને દુઃખદ તે દુર ભાગ્ય મારૂં.
એમાં શશાંક નથિ વાંક કશો તમારો;
છે મારૂ દૈન્ય પ્રતિકૂળ વિચાર મારો. ૧૭
પાણી વિભૂષણ નવાણુ ગણું સુખાળું;
સેનાનુ સુંદરિ વિભૂષણ છે રૂપાળું.
વિદ્વાનછે ભુષણ રાજ સભાનુસારૂં;
રાત્રીનુ ભૂષણ તને ગણુ ચંદ્રચારૂ. ૧૮
શીવે કર્યોછ શિર માન્ય તને શિતાંસુ;
હું ઇષ્ટદેવ શિવને મુજના ગણુંછું.
માટે તને હુ શિર માન્યકરી નમુંછું;
હું વિર્હિ દુઃખ કથવા અભિલાષિરોહું. ૧૯
વિર્હીનુ દુઃખ આ તે ઓછુ બનેજ કયારે;
જો કોઇ આગળ પ્રકાશિ કહે કરારે.
જે ઓછિ બુદ્ધિ હલકા જન તેનિ પાસ;
બો પ્રેમ વાત કહિના કરિએ પ્રકાસ. ૨૦
સીંધુ સમા જનક સંગત શીવનીછે;
રૂડા વિભુષ ધનવંતરિ ભાઇ બેછે.

કુલીન જાણિ કરૂછું તુજ મીત્રતા હું;
શુણી વિજોગ દુઃખ હાસ્ય રખે કરેતું. ૨૧
પ્રીતીનિ પેટિ મન મોહન મંત્ર માળા;
આધી ઉપાધિ વળિ વ્યાધિનિ સાંતિ શાળા
સો સુખ સીદ્ધિ અદગૂણ તણી અવજ્ઞા;
શી ઉપમા કહિ વખાણુ શુમીત્ર સંજ્ઞા. ૨૨
વેરીનિ પાસ બનિ મીત્ર જવું પડેછે;
નહિ મુખે પણ વખાણવુ તે પડેછે.
લક્ષ્મી સરસ્વતિ શુ રાજ્ય ભલે તથાપી;
છે સર્વથી ગરજ આ જગમાં પ્રતાપી. ૨૩
તારાપતી સ્મર સહાયક મીત્ર મારા;
હે વિશ્વવંદ્ય સતિ રોહિણિ પ્રાણ પ્યારા.
આણી દયા વિરહ વાત સુણો યથેતી,
ને આપ લાયક વિનંતિ કરૂં પછીથી. ૨૪
બાપે મને કુળનિ રીત કરી પ્રદેશે;
છે મોકલ્યો તજવિ સુંદરિ મુજ દેશે.
છે ચાર માસનુ હજૂ રહ્યુ બાકિ કામ;
વ્હાલી વિજોગ પિડ આ નખમાય નામ.૨૫
નાપાસ થાવુ ભણિ આપિ મહા પરીક્ષા;
બોલ્યાવિવાન તન નીત્ય પિડા બલીષ્ટા.
કાંતા વિયોગ દુહિતા વિધવા અકાળે;
એ ચાર અગ્નિ નર અંતર સદય બાળે.૨૬
જે પ્રીતિ દુઃખ ચકવીપતિ એક જાણે;
કે તારિ પોયણિ પ્રિયા ખરૂ તે પ્રમાણે.

જે ત્યાગિ પ્રીતિ બનતાં વ્યભિચારિ જાતે;
તે પ્રીતિ દૂઃખ સમજે નહિ કોઈ વાતે. ૨૭
પાડે બુમો બહુ વિજોગથિ ચક્રવાકા;
પ્રીતી અજાણ કુતરાં ભસવે તડૂકયાં.
પાડે બુમો પ્રસુત કાળ દુઃખે પ્રસૂતા;
વંઝા શુણી કરતિ હાસ્ય અજાણ ભૂતા.૨૮
જો કેળ કંદ દિકરો મરિ જાય પ્યારો;
માતા સગી રડતિ બેશિ રહે વિચારો.
પ્રીતી દુઃખે સતિ બળે પતિ સંગ પ્રાસે;
એ પ્રીતિનું દુખ સગાઇથિ મોટુ ભાસે. ૨૯
નારીનિ સંગ નરકે નર સંગ નારી
ઘોરે દટાયલ હતાં પ્રિતિ દૂઃખ ધારી
સાથેજ દંપતિ તણાં બહુ હાડ માળા
છે ઘોરમાં થકિ જડેલ અમેરિકામાં ૩૦
લક્કી કબૂતરનિ પ્રીતનિ પીડ જોતાં
દેખાયછે પ્રિત તણાં મુળતત્વ મોટાં
માદા મરેથિ મરશે નર તેનિ વાંસે
માદા શરીર તજશે નર મૃત્યુ થાશે, ૩૧
બીડાયછે કમળ સાંજ પડે સદાય;
ઊડી નજાય ભમરો મરિ જાય માંય.
છે જંતુ તોય પણતે પ્રિત રીત જાણે;
વીજોગ દૂઃખ થકિ મર્ણ ભલુ પ્રમાણે. ૩૨
વીહોગિન આગળ બિજો નહિ અગ્નિ મોટો;
છે સત્ય અગ્નિ પણ તે ગણુ છેક છોટો.

વીરાગ્નિ જ્યાંથિ સતિ પાવકમાં પડેછે;
તે અગ્નિને ગણતિ માં રજકયાં ગણેછે. ૩૩
નીતીજ્ઞ ઈંદ્રે વશકારક શૂર વીર;
સાધૂ રૂપે શુશિલ નૌતમ ધર્મધીર.
તે રામને પણ વિયોગનુ બાણ સાલ્યુ;
પ્રીયા પ્રિયા કહિ વને રખડયા દયાળુ. ૩૪
છે! ખડગ ધાર પિડ તે પણ છેક છોટી;
છે! ચૈત્ર તાપ પણ તે ગણુ પીડઓછી.
છે! વીંછિ દંશ પિડ એ પણ તુચ્છ જાણું;
કાંતા વિજોગ પિડ સર્વથિ મોટિ માનું. ૩૫
જે રીત ચાતક ચહે વરસાદ વારી;
હું તેમ ઝંખુ મનમાં નિત પ્રાણપ્યારી.
ભૂલું પડેલુ મૃગલું જુથ સારૂ જેમ;
આ મૂજ જીવ વલખે સતિ સારૂ તેમ. ૩૬
લૂવાર ભઠ્ઠિ તપતી અતિ હોય જેમ;
છે મારૂ હૈયુ વિરહાનળ તપ્ત તેમ.
નૌકાનિ માછલિ સદા ઉત્તરાભિ જેમ
છે મારૂ મૂખ પણ ઉત્તર દિશ તેમ ૩૭
લાગે શિળો પવન સર્પનિ ફુંક આગે
લાગેછ કૌવચ સમો શશિ અંગ રાગે
સૂ પુષ્પનાગ્રથિત હાર ભુજંગ જેવા;
પ્યારી વિજોગથિ થયા મુજ હાલ એવા. ૩૮

શાર્દૂળ વિક્રીડિત છંદ

લાગે સેજ ચિતા સમી સદનઆ, સ્મશાન જેવું દિસે;

ભાસે રાન સમાન વસ્તિ સઘળી, નીંદ્રા ન આવે નિશે.
આવે તર્ક વિતર્ક કામ ન સુજે, ખાવું પિવું ના ગમે;
હા! હા! વ્હાલિ વિજોગનો વખંત આ, પ્રાણાંત જેવો મને
તેના વાલપ વેણની અસરથી, કાયા સુકાઈ ખરી;
આશા ભંગ થઇ હવે પ્રતિ દિને, સ્થીતી તાન મારી કરી.
કાંતા કંથ વિના અરે કયમ રહે, હે મીત્ર કો માહરા;
સત્તા વીશ સતી તણા અધિપતી, ગુણો વર્ણું તાહરા. ૪

વસંત તિલકા છંદ

મોટા વને વસવુ ઘાતકિ પ્રાણિ સંગે;
આહાર કંદ મુળનો તરૂ છાલ અંગે.
સૂવું સદા કઠણ ઘાસ પથારિ માથે;
તે સર્વ સારૂ ગણુ સુંદરિ હોય સાથે. ૩૯
રંગીન મેલ વસવા પકવાન ખાવા;
પોશાક સુંદર સુગંધિત પાણિ નાવા.
સૂવા પલંગ ફુલ વેષ્ટિત કર્મ જોગે;
લાગે મને દુઃખદ પ્રાણ પ્રિયા વિજોગે. ૪૦
પ્રીતીનુ સત્વ અતિ અમૃત તત્વ વાળો;
કેતાં ભરાય મુખ રત્ન સમો રૂપાળો.
દીવર્ણિ કોમળ મનોહર સઘ સહેલો;
કોણે "પ્રિયા" રશિક શબ્દ હશે નિમેલો. ૪૧
જે વ્હાલિનો વિરહ આમ મને દહેછે;
તે પ્રાણ પ્યારિ મુજની કેહ કયાં રહેછે.
છે તેનિ પ્રીતિ શિળ કાંતિ વિશાળ કેવાં;
વર્ણી કહું સકળ સાંભળિ ચંદ્ર લેવાં. ૪૨

સોળે કળા પુરણ ચંદ્ર પ્રકાશ મૂખ;
જોતાંજ થાય અળગાં ત્રણ વીધિ દૂઃખ.
શું વાળુ નીકળ્યુ કર્પાળ વિશાળ સારૂં;
શું ?સપ્તમી શશિ અધો મુખ વક્ર વારૂં. ૪૩
આકાશમાં જયમ દિપે અવકાશ ગંગા.,
સેંથે શિરે બવળ આવિ રહ્યો અનંગા.
છે કાળિ નાગ સમ વેણુવિશાળ સારી;
જોયાથી જોગિજનને પણ મોહકારી. ૪૪
શો!કાળિ બે ભ્રમર વાંકિ વળેલિ ટેવે;
જાણે ધર્યું ધનુષ તે કર કામ દેવે.
ડોડાળિ આંખ અતિ ચંચળ કીકિ વાળી;
તે છેક કાન ફરિઅંત પુગી અન્યાળી. ૪૫
સૂરેખ પાધરૂ નમેલુ અણીથિ નાક;
શા! લાલ બે અધરના રમણીક ભાગ.
દાંતોનિ પંક્તિ વળિ ખંજન ગાલમાં બે;
શું!મંદ હાસ્ય કરતાં ચિત ચોરિ રાખે. ૪૬
ગૂલાબ બે ફુલિત ગાલ પુરી પ્રફૂલી;
છે કાલુ છુંદણુ મનોહરતા અમૂલી.
નાજુક કંઠ વળિ પાન જણાય ચાવ્યું;
હાથી તણા શિશુનિ સુંઢ સમાન બાહુ. ૪૭
ગોરાંટિ આંગળિ મનોહર વીંટિ વાળી;
તારા સમી નખનિ તેજી દિપે રૂપાળી.
ધાટેલ કૂચ ફળ પૂષ્પ દડા સમાને;
છે પેટ પોયણિ સકોમળ પત્ર જાણે. ૪૮

વીશાળ છાતિ ભરિ પાતળિ કેડમાંથી;
નીતંબ ગોળ ગમતાં ગુમતાં રહેથી.
શું કેળ થંભ પગ સાથળ મોહકારી;
છે થોડિ થોડિ કણકે ઘડિ પ્રાણપ્યારી. ૪૯
સ્વાભાવિકે ખુબિ ભરી પગપાનિ રાતી;
નીંદ્રાથિ સાવધ વિલાસણિ અલ્પખાતી.
તારાનિ પંક્તિ ચપળા નવનીત્ત મૂર્તી;
આશ્ચર્ય કારક અનૂપમ ખૂબ મૂર્તી. ૫૦
જે જે રૂપાળિ પુરવે થઈ નારિ સારી;
તેમાં રહેલિ ભુલને પ્રભુએ સુધારી.
સંપૂર્ણ કારિગરિ વાપરિ સારિ રીતે;
તે નીપજાવિ પ્રભુએ પરિપૂર્ણ પ્રીતે. ૫૧
ચાંલ્લો લલાટ વળિ મોતિનિ માળ કંઠે;
આંજે ઝિણી નયન નીવૃતિ ભાવ વંઠે.
વાણીનુ મોતિ અધરે અડકે પ્રમાણે;
ઝીપી ઊઠેલુ અધરામ્રત બિંદુ જાણે. ૫૨
તું વિશ્વમાં પર પ્રકાસ વડે પ્રકાસે;
મારી પ્રિયા નિજ પ્રકાસ થકી પ્રભાસે.
તારો પ્રકાસ સઘળા જનમાં તુ વ્હેંચે;
પ્યારી પ્રકાસ મુજ ઊપર માત્ર સિંચે. ૫૩
લેછે શકોમળ પ્રિયા જળ પાત્ર જ્યારે;
લાગે મને મન વિસે બહુ ધાક ત્યારે.
કે હાથ નાજુક રખે મરડાઈ જાયે,
એ પ્રાણપ્યારિ વિરહાનળ ના ખમાયે. ૫૪

કસ્તૂરિ લેપ કુચને કરતી વિલાસી;
તેસ્પર્ષ પૂણ્યથિ બચ્યા મૃગ નર્કવાસી.
ઓકધાર પામિ પળતા સ્વરગે સુખાળા;
છે પૂણ્યશીળ શિલધર્મથિ એવિ બાળા. ૫૫
કુંભસ્થળોનિ ઊપમા સ્તનને અપાયે;
છે સિંહ ઊપમા વળી કટિને સહાયે.
કોયેલ કંઠ ઊપમા મળિ કંઠનેછે;
માતંગ સિંહ પિક તેથિ ગુમાનિરેછે. ૫૬
વ્યાધીનુ ઓસડ સકોમળ હાથમાંછે;
ઊપાધિ ઓસડ ભર્યું સ્મિતહાસ્ય માંછે.
નેહે ભર્યાં નયન તે ઝટ આધિ ટાળે;
દારા રૂપી સરસ વૈદ હિયો દયાળે. ૫૭
કૌસ્તૂભછે રતન સાચવિ રાખવાનું;
વાતે ચિત્તે કદિ નથી ખપ આવવાનું.
વીનોદ વાત કરિને સુભ આપનારૂં;
રૂપે ગુણે રતન પ્યારિ અમૂલ્ય મારૂં. ૫૮
કોયેલ કંઠ મય ગાન ગજાવનારી;
સીતારથી મધુરતા વરસાવનારી.
બો હાવભાવ કરિ ચીતડુ ચોરનારી;
રંભા સમાન પ્રમદા સુખ આપનારી. ૫૯
સોળે સજી લટકતી મુજ પાસ આવે;
સૌંદર્યતાથિ ખુબ મંદિરને દિપાવે.
સંપૂર્ણ રૂપ રમણીક સદાય સ્હોય;
જાણે પ્રભુનિ કમળા પટરાણિ હોય. ૬૦

ફૂલી રહ્યા ફુલ અવેવ રૂપી રૂપાળાં;
સુગંધવાન સુખદા જગમાં જયાળાં.
તેમાંથિ હું અલિ પંશાગ જમું વિહારી;
શું?પારિજાતક તરૂ ફુલવંત પ્યારી. ૬૧
બેભાનદે કરિ મને સતિ પ્રેમપાને ;
છે પ્યારિ મોહ મદિરા પુર પાત્ર જાણે.
ઊન્મત બૌ નવલ જોબનના પ્રસંગે;
જાણે મદોનમત હાથિપ્રિયા અનંગે ૬૨
માગેલિ ચીજ સતિ આદર દેતિ જાયે;
પૂરે મનોરથ વિલાસ વિષે સદાયે;
આનંદમાં મન પ્રવતિ જો આપ્રમાણે.
વેણો વદે મધુર કોયલ વાણિ જાણે. ૬૩
આશા ઉમેદ રૂપ પોયણિ રૂપ ભારે;
ખીલાવતી શશિ સમાન પ્રકાશિ પ્યારે.
ચીંત્તા ચુરી કરતિ શાંન્તિ સદા સુગાત્ર;
જાણું પ્રિયા વચન અમૃત પૂર્ણ પાત્ર. ૬૪
છે અંગશ્વેત સુભ સંખ હસે શુ પેલો?
ચાપલ્યતા શું! હય ચંચળતા ભરેલો.
સારંગછે શુવળિજાય વળાવિ તેવી;
સ્રી ફૂલટામણ ગણો વિષ કૂપ્પિજેવી. ૬૫
સિંધુથિ ચૌદ રતનો મથિ બાર કાઢયા;
તદેવ દૈત્ય સહુએ મળિ વ્હેંચિ લીધાં.
તે ચૌદ રત્ન રૂપ શાણિ પ્રિયા સદાની ;
આપો મને પ્રભુજીએ રમવા મઝાની. ૬૬

તેને વછોડિ પરદેશ પડયો વિરાગી;
હોશેજ કો મુજ સમો જગમાં અભાગી.
રે ખાવુ પીવુ તજી આભ્રણુ લૂગડાં સૌ;
હા! હા !હશે દુખણિ જોબન ઝાળથી બૌ. ૬૭
હે! ચંદ્ર તે સલુણિ ચંદ્ર મુખી પ્રિયાને;
બાહાર અંતર નિરંતર સર્વ ઠામે.
વીલોકુછું ભમતિ દ્રષ્ટિ સમીપ મારી;
દેખુંન અન્ય ચિજ તેત્રણુ કાંઈસારી. ૬૮
એકેકના પકડિને કર એક વેળા;
બંને અમે ઉપવને ફરતાં સુવેળા.
લેતી પ્રિયા પુલ્ર ચુટી લટકો કરીને;
આજે વળી વસવુ હ્યાં વિરહે બળીને. ૬૯
વાડી વિષે હરણુ બાળનિ આંખ દેખી;
પોતાનિ આંખ નિત કાજળ હીન લેખી.
સંભારિને તુરત કારણુ તેનુ સ્વામી;
મૂર્છા વિસે પડિ હશે અતિ દૂઃખ પામી. ૭૦
વૃક્ષે વિહાર સુક પોપટિ ના નિહાળી;
રેતી હશેજ હિજઇ મનમાં પ્રજાળી.
સૂકાયલાં નિરસ આપ અત્રેર ભાળી;
દેતી હશે દિલથિ દોષ મને રૂપાળી. ૭૧
બે હોઠ કેરિ તણિ કાંતળિછે વિચારી;
ભ્રાંતે સુડા ઝટ જશે કદિ ચાંચ મારી.
તેવે સમે તરત શાણિ સતી જઇને;
કો પાસ સાદ કરશે નયણાં ભરીને. ૭૨

વૃક્ષે વિંટાચલિ લતાનિ ઝટા નિહાળે;
મૂકયો હશેજ નિસવાસ વિજોગ ઝાળે.
તેથી બધાં તરૂ લતા ફળ પૂષ્પ પાનો;
હોસે ગયાં સુકઇ ચંદ્ર ખચીત માનો. ૭૩
સાહેલિ જૂઈ ગુલબાસ ગુલાબ ગોટા;
ચંપેલિ ચંપુ ગુલદાવદિ મોગરો ત્યાં.
જાસૂસ કેતકિ કરેણજ બારમાસી;
જોઇ પ્રિયા થતિ હશે નિતદી ઊદાસી. ૭૪
વર્ષા સમે ઘન પડુ પડુ હોય જ્યારે;
લીલા લિલા તરૂથિ ભૂમિ છવાય ભારે.
ઝીણાં ઝિણા જળકણો ઝરતાં રહે જ્યાં;
વીજોગણી ધિરજ કેમ ધરી શકે ત્યાં. ૭૫
ગામે સિમે ઘણિ વનસ્પતિ ફૂલિ ફાળે;
ટૌકાર કોયલ કરે શુ વસંત કાળે.
ગૂલાબ રંગ લઈ પ્યારિ પતી રમે જ્યાં;
વીજોગણી ધિરજ કેમ ધરી શકે ત્યાં. ૭૬
વર્ષા વિષે ફરતી વાડિ વિષે જઇને;
બેઠી કદાપિ જઇ કુંજ વિસે ઠરીને.
જો વીજથીજ ઘન ગાજી ઊઠયો હશે ત્યાં;
રે ગોરિના નવલ હાલ થયા હશેશા. ૭૭
તારા મનોહર પ્રમોદિત કિર્ણ તીણા;
જેથી ઝગે સિતળ ઝાકળ બીંદુ ઝીણા.
તે સંગ કામસર વીરહ વીષ વાળા;
શીરીત વેઠિ શકસે અબળા મતાળાં ૭૮

આ આજના ચમતકાર વિલોકિ વ્હેલી;
હા!થૈ હશે મદન વિહ્વળતાથિ ઘેલી.
દેતી હશે સખિ શિખામણ ત્યાં પ્રિયાને;
દેતી હશે મદન શાન્તિ જડી પિવાને. ૭૯
સ્વામી વિજોગ થકિ અંતર ઓછુ આવે;
ધાલ્યા હશે ન સુભ ચાક શિશે પ્રિયાએ.
દેખાતિ ચાક હિન વેણુ હશેજ કેવી;
છે ચંદ્રમા તુજ વિના વદરાત જેવી. ૮૦
વિર્હાગ્નિ તત્પ કર લેખણુ ઝાલિ જ્યાંતે;
બોળે સુકાઈ જતિ શાહિ હશે ખડીએ.
તો કેમ પત્ર પણ પ્યારિ લખી શકે હ્યાં;
ચીંતા કરી મન વિષે બળતી હશે ત્યાં. ૮૧
પેરેલિ આંગળિ વિષે વિંટિ હેમનીછે;
તેના પ્રતી વચન તે વદતી હશે કે?.
વીંટાઇછે વિંટિ હિરા પતિ સંગ તુંતો;
તું છે સભાગણિ અભાગણિ બેન હું તો. ૮૨
છે ભાગ્યશાળિ ધન પાયડિ જીવ્યુ તારૂં;
તોરા સહીત વસતી-હરનીસ વારૂ.
શા કારણે પ્રભુજીએ પતિને પ્રિયાનો;
સાધ્યો ન એ રિત સબંધ હશે સદાનો. ૮૩
જાગૃત હાંડિ તણુ બીંબજ આરસામાં;
જોઈ મનોરથ હશે કરતી નિસામાં.
પામી હું ગર્ભથિ પ્રકાસ પતી પ્રસંગે;
કે દીન સોભુ પતિ અંતરમાં ઊમંગે. ૮૪

જોસ્વામિ પ્રીતિ કલહે કદિ રૂઠિ કે તો;
બોલાવવા અતિ પ્રયત્ન કર્યા કરેતો.
ઘાલી સ્વહોઠ પતિના મુખમાં વદાવે;
નીતો પછી રૂદન છોડિ પતી મનાવે. ૮૫
મારાથિ વ્હેલિ ઊઠિ સર્વ ક્રિયા કરીને;
આવે પછી ભુષણ સોળ સર્વે ધરીને.
સીતાર સાથ મધુરો સ્વર મેળવીને;
ગાયે પ્રભાત નિજ નાથ જગાડવાને. ૮૬

ઝૂલણાછંદ.

દંતધાવનકરી, સ્નાનસંધ્યાસજી, પૂર્ણ પ્રભુનીધરો, ભક્તીભાસી,
નીત્ય વેળા નીતી, વાંચવાની થઈ, મ્હાપરૂ સુણવા, દિનદા ની;
હાર હૈયાતણા, પ્રાણના પ્રાણ, સૌભાગ્યસોભન, મને પૂર્ણ પ્યારા,
પુર્ણપ્રભાતથઈઆભાથઈઆજ, આજરૂડ઼જાગો, ખમાનાથમારા ૧

વસંતતીલકા છંદ

સૂતાંત કાળ પય માગુ પ્રિયાનિ પાસે;
ઊઠે પ્રકંપિત થતી સ્વર ભંગ ભાસે.
સ્વેદાણુ પંગતિ વિશાળ કપાળ વ્યાપે;
સીથીલ હાથથિ મને પયપાત્ર આપે. ૮૭
ખેલે વસંત પતિ સંગ પ્રિયા-સુવાળે;
ગુલાબ રંગ થકિ પંક થતો પ્રસાળે.
તેમાં પ્રિયા લટકતાં પગલાં ભરે જ્યાં;
નીતંબ ભાર થકિ એડિ ઊંડી પડેત્યાં. ૮૮
ઊઘાડુ માથુ પતિ બાથ વિસે રહીને;
પાણી રૂડા પતિનિ ખાંધ વિષે ધરીને.
ત્યાં છાતિનુ ખસિગયું પટકૂળ રામાં;

જોતીજ ત્યાં સહપતી મુખ આરસામાં.૮૯
સાંજે જઇ ઉપવને ફુલ વૃક્ષ નીચે;
હું વાંચતો ખુરશિ મેલિ લિલેત્ર નીચે.
ત્યાં એકવાર જળ પાઈગઈ હતી તે;
તે વારનું અધર ચુંબન સાંભરેછે. ૯૦
મૂગ્ધા વયે સયનવા સતિ મોડિ આવી;
સૂતો હું જાગૃત ઊંઘ્યાનિ ગતી લગાવી.
ઊંઘ્યો વિચારિ નમિ ચુંબન કીધુ ગાલે;
મેં જોયુ ત્યાં ખશિ હસી શરમીંદિ ચાલે. ૯૧
હાથે ધરી સરસ પૂષ્પનિ માળ મોટી;
ચાલે વિલાસ મય ભૂમિ ભણીજ જોતી.
દાસી પળે પુજન-થાળ ધરી પછાડી;
એ રીત પ્યારિ શિવ મંદિર જાતિ દાડી. ૯૨
આ સર્વ ચંદ્ર મુખ આગલ નીત્ય આવે;
સર્વાંગમાં મદન વિહ્કળા તપાવે.
મેં સ્વપ્ન એક ગઈરાત વિષે નિહાળ્યું;
તેનું તને સકળ વર્ણન સંભળાવુ. ૯૩
સ્વાંતઃ પુરે સ્વપુરમાં દિઠિ પ્યારિ જાણે;
વેણી લુખી પિલચ્ટી દિઠિ સર્વ વાને.
ગાંડી સમી વિરહ વ્યાકુળતા તરીછે;
સૂકાયુ અંગ વળિ આંખ જળે ભરીછે. ૯૪
ઢીલી પડેલિ કર કાવળિ સામુ જોતી;
ઢીલી પડેલિ કર કાંચળિ જોતિ રોતી.
ઢીલી પડેલિ વિટિ આંગળિમાં તપાસી;

જે જે જગ્યા સુખદ તે સહુ કામ સેવે.
પાણી વચ્ચે-કમળમાં પણ એ ગયોછે.
જ્યાં જોઉં ત્યાં મદન વાસ કરી રહ્યોછે. ૧૦૬
ઊંચી અગાસિ હિંચકો હિંગળોક વાનો;
સેત્રંજ દર્પણ સુ ચોપટ ગંજીફાઓ.
તેવારના દિવસ માત પિતા કર્યાછે;
જે તે બધા મદન સાધન થઈ રહ્યાછે. ૧૦૭
જો કેળ વૃક્ષ બગિચે ઝુલતાં સટોળાં;
તે તો થયા મદન દેવ તણા હિંડોળા.
આકાશમાં સરદ વાદળિ મોહકારી;
જાણે દિસે મદન દેવ તણી પથારી. ૧૦૮
સારંગ વેણુ જલ જંત્ર વિણા સતાર;
તેમાં વસ્યો સ્વર રૂપે સ્મર એ ગમાર.
કાળા કરૂપ ભ્રમરા પણ ગુણ ગાતા;
સર્વત્ર એ ભરિ મુકયો નચુકી વિધાતા. ૧૦૯
આવે હવે પતિ વિદેસ થકી સ્હવારા;
આથા કરૂ નકદિ આંખથિ પ્રાણપ્યારા.
એ જેવુ દુષ્ટ ન બિજું દુઃખ સૂક રાયા;
સ્હેવાતુ લેશ નથિ કોમળ મારિ કાયા. ૧૧૦
જો જાણતે પ્રથમ આવુ વિજોગ દૂઃખ;
સંહારનાર જગના સઘળાજ સૂઃખ.
અથા કદાપિ કરતે નહિ પ્રાણનાથ,
છાતી શુ રાખત નિરંતર ભીડિ બાથ. ૧૧૧
આ આર્ય ભુમિ તણિ હાલત જેવિ હાલ

જોતીજ ત્યાં સહપતી મુખ આરસામાં.૮૯
સાંજે જઇ ઊપવને ફુલ વૃક્ષ નીચે;
હું વાંચતો ખુરશિ મેલિ લિલેત્ર નીચે.
ત્યાં એકવાર જળ પાઈગઈ હતી તે;
તે વારનું અધર ચુંબન સાંભરેછે. ૯૦
મુગ્ધા વયે સયનવા સતિ મોહિ આવી;
સૂતો હું જાગૃત ઊંઘ્યાનિ ગતી લગાવી.
ઊંઘ્યો વિચારિ નમિ ચુંબન કીધુ ગાલે;
મેં જોયુ ત્યાં ખશિ હસી શરમીંદિ ચાલે. ૯૧
હાથે ધરી સરસ પુષ્પનિ માળ મોટી;
ચાલે વિલાસ મય ભૂમિ ભણીજ જોતી.
દાસી પળે પુજન થાળ ધરી પછાડી;
એ રીત પ્યારિ શિવ મંદિર જાતિ દાડી. ૯૨
આ સર્વ ચંદ્ર મુખ આગલ નીત્ય આવે;
સર્વાંગમાં મદન વિર્હકળા તપાવે.
મેં સ્વપ્ન એક ગઈ રાત વિષે નિહાળ્યું;
તેનું તને સકળ વર્ણન સંભળાવુ. ૯૩
સ્વાંતઃ પુરે સ્વપુરમાં દિઠિ પ્યારિ જાણે;
વેણી લુખી પિલચટી દિઠિ સર્વ વાને.
ગાંડી સમી વિરહ વ્યાકુળતા તરીછે;
સૂકાયુ અંગ વળિ આંખ જળે ભરીછે. ૯૪
ઢીલી પડેલિ કર કાવળિ સામુ જોતી;
ઢીલી પડેલિ કર કાંચળિ જોતિ રોતી.
ઢીલી પડેલિ વિંટિ આંગળિમાં તપાસી;

જે જે જગ્યા સુખદ તે સાહુ કામ સેવે.
પાણી વચ્ચે કમળમાં પણ એ ગયોછે.
જ્યાં જોઉ ત્યાં મદને વાસ કરી રહ્યોછે. ૧૦૬
ઊંચી અગાસિ હિંચકા હિંગળોક વાનો;
સેત્રંજ દર્પણ સુ ચોપટ ગંજીફાઓ.
તેચારના દિવસ માત પિતા કર્યાછે;
જે તે બધા મદન સાધન થઈ રહ્યાછે. ૧૦૭
જો કેળ વૃક્ષ બગિચે ઝુલતાં સટોળાં;
તે તો થયા મદન દેવ તણા હિંડોળા.
આકાશમાં સરદ વાદળિ મોહકારી;
જાણું દિસે મદન દેવ તણી પથારી. ૧૦૮
સારંગ વેણુ જળ જંત્ર વિણા સતાર;
તેમાં વસ્યો સ્વર રૂપે સ્મર એ ગમાર.
કાળા કરૂપ ભ્રમરા પણ ગુણ ગાતા;
સર્વત્ર એ ભરિ મુકયો નચુકી વિધાતા. ૧૦૯
આવે હવે પતિ વિદેસ થકી સ્હવારા;
આશા કરૂ નકહિ આંખથિ પ્રાણપ્યારા.
એ જેવુ દુષ્ટ ન બિજું દુઃખ સૂક રાખા;
સ્હેવાતુ લેશ નથિ કોમળ મારિ કાયા. ૧૧૦
જો જાણતે પ્રથમ આવુ વિજોગ દુઃખ;
સંહારનાર જગના સઘળાજ સૂઃખ.
આવા કદાપિ કરતે નહિ પ્રાણનાથ,
છાતી શુ રાખત નિરંતર ભીડિ બાથ. ૧૧૧
આ આર્ય ભૂમિ તણિ હાલત જેવિ હાલ

હા!દૈશિ હુન્નર વિના બનિ નીરમાલ્ય.
છે મારિ સ્થીતિ પણ તેવિજ ધૂળ ધાણી;
સ્વામી વિયોગ થકિ પોપટ લેપ્રમાણી.૧૧૨
રે શું કહું ફરિ ફરી પ્રભુ પાય લાગું;
બે જોડિ હાથ મુખથી વરદાન માગું.
દેશો નહીં જગતમાં મનુષ્યાવતાર;
જો જન્મતો કરવતા નહિ કો શુ પ્યાર.૧૧૩
જો પ્રેમ બંધન કદાપિ પ્રભુ કરાવો;
તો તે થકી કદિ વિયોગ રખે પડાવો.
ત્યાગી દયા પ્રભુ વિયોગ કદી પડાવો;
તો તો તમે મરણ જલ્દિથિ મોકલાવો.૧૧૪
સાંખીશ ખાવુ નિચ સાંખીશ વસ્ત્ર જૂનું;
સાંખીશ નીત્ય નરિ સાહડિએ સુવાનું.
સાંખીશ તાઢ તડકો પતિના સુખેથી;
સંખાય ના પતિ વિયોગ જરાય મેંથી.૧૧૫
પ્રીતી નઠોર શિદ પ્રાણપતી થયાછે
રે! વાયદાથિ પણ કેમ વધૂ રહ્યાછે.
જાણેન કેમ ગતિ રાંક પ્રિયા નિવારૂં;
વિહેથિ કાળજ કપાય સહાય મારૂં ૧૧૬
સંયોગમાં પતિ મને વળિ કોણ દીને;
બોલાવશે મુખથિ "પ્રાણપ્રિયા" કહીને.
નીહાળિ મૂખ મુખ ચુંબન લૈ અભાસે;
ઊડાડશે કહિં પ્રસંશિત આ પ્રભાતે. ૧૧૭

પદ્મ પ્રફુલિત થયાં, હંસ સરતીર ગયાં, જોની ઝાંખા થયા ચંદ્ર તારા
કમળ નયણાં ઘણી, ચપળ ચતુરા બની, સફૂળ જળમાં કરી, સ્નાન ધારા
મૂખ મલકાવતી, શિળ સોભાવતી,' ગા પ્રભુના પ્રભાતો, ભજાતા;
ઊઠ અલબેલડી, કનકની વેલડી, શેલડી તુલ્ય, માધૂર્ય દાતા. ૨.

વસંત તીલકા છંદ

માતા પિતા ભગનિ ભાઇ સગાં બિજાયે;
જેઠાણિ જેઠ વળિ દીયર લાડવાયે.
સાસૂ સ્વસૂર નણદી સખિ સ્યાણિ સારી;
સર્વે ભલે તદપિ નાથનિ વાત ન્યારી. ૧૧૮
રાખે ખુશી દહિં દુધે સિંચિ નિત્ય નીત્યે;
કોઇ કદી પુલડીએ દુભવેન પ્રીતે.
તેવું છતાંય ટગલે ટગલે સ્વભાવે;
સ્વામી વિજોગિ સતિને મન ઓછુ આવે. ૧૧૯
લૈ ફેરવું કરનિ માંય હિરાનિ માળા;
જો આ પડયાં કઠણ આટણ એથિ કાળા.
એ આટણે ઘસઈ સૂક્ષ્મ હિરા બન્યા આ;
તો એ પ્રદેશથિ નહી પતિ આવિયા હા. ૧૨૦
આવા રૂડા નવલ જોબનના પ્રસંગે;
જેમાં અભંગ અતિ અંગ ક્રમ્યો અનંગે.
ચેતી ચિત્તે પતિ ચતૂર બની ચુકાવે;
લાખો ટકા ખરચતાં પછિ જે ન આવે. ૧૨૧
છે વાડિ આપણિ ઘણાં ફળ ફૂલ જેમાં.
આવે સુ પોપટ તણાં બહુ વૃંદ તેમાં.
એમાંથિ શોધિ વહુ કો કરજે તું પ્યારે;
આવે તને નવલ જોબન ભાઇ જ્યારે. ૧૨૨

આપું શિખામણ તને પરણ્યાનિ પેહેલાં;
સંભારિ રાખ વિર પોપટ તે સદેળાં.
કાંતા વિજોગણિ રખે કરતો કદાપી;
સ્વામી વિયોગ પિડ સર્વથિ જાણિ પાપી૧૨૩
હોયે કઠોર હદયાં નરનાં સદાયે;
તેને વિયોગનિ પિડા કદિ ના જણાયે.
શી રીતથી સહિ શકે અબળા બિચારી;
લજ્યાનિ મારિ શકશે પણ કયાં ઉચ્ચારી.૧૨૪
જે રીત અંબુજ લતા હિમથી મરેછે;
તે રીતથી સતિ વિજોગ દુખે મરેછે.
જો હોય જીવતિ વિજોગણિ કોઈ નારી;
આશા રૂપી જીવનદોરિથિ જીવનારી.૧૨૫
એ વેણ સાંભળિ ખુલી ગઈ આંખ મારી;
પાસે ન દીઠિ ચપળા નવનીત નારી.
સૂઝે ન કાંઇ બિજી વાત ન કાંઇ ફાવે;
વીતર્ક તર્ક મનમાંય હજાર આવે. ૧૨૬
પામ્યો નથી ખબર અંતર કોઈ વાર;
શા હાલમાં પ્રિય હશે ઉપજે વિચાર.
તેને મને ઉભયને શશિ તું જુવેછે;
આશા ધરી વિરહિ તેથિ તને સ્તવેછે.૧૨૭
જો મીત્ર ઊત્તર દિશા ભણિ આજ ન્યાળી;
શા હાલમાં વસતિ મારિ વિજોગિ વ્હાલી.
કે તે મને પછિ દયા દિલમાંય આણી;
લે સૂણિ દેશ ઘર બાર તણી નિસાની.૧૨૮

સૃષ્ટી લિલા લલિત જ્યાં ખિલિ સર્વ ભાગે;
જ્યાં કાચુ સોનુ મન માન્યુ સદાય પાકે.
વેપારમાં નિપુણ લોકનિ વસ્તિ શાંત,
તે વીરક્ષેત્ર ગુજરાત રશાળ પ્રાંત. ૧૨૯
વિદ્યા કળા કુસળતા કવિતાનુ ધામ;
પ્રૌઢ પરાક્રમનુ પારણું દિવ્ય નામ.
બૌ રાજ કાજ શિળ સૂર પુરૂષ જેમાં;
છે એવિ સૂર્યપુરિ સુંદર આવિ એમાં. ૧૩૦
આજે બસેંક મળિ સુંદરિ ઠામ ઠામે;
ગાતી હશે શુ ગરબા ઘુમતી સુકામે.
જેણે જગે જનમિને ગરબા ન જોયા;
એળે ગયો જનમતે જનનો બધો હ્યાં. ૧૩૧
શ્વાસો ન શ્વાસ થકિ વાયુ સુગંધ પામે;
મોઢે બધે વદન ચંદ્રનિ જ્યોતિ જામે.
પાત્રો કટાક્ષ ભર સાર્થક જન્મ જીત્યાં;
છે વિશ્વનુ ભુષણ નોતમ સુંદરી જ્યાં. ૧૩૨
દેખી ખરા મરદ મોહિ વિલાસવાને;
વ્યોમે ચઢાતિ ચપળા ભુમિ આવવાને.
ડોકાવિ જાય ગગનેથિ ફરી ફરીને;
નાસે તહીં ચપળતાથિ ડરી ડરીને. ૧૩૩
તે પૂરિમાં મદન વાડિ કરી પરૂં છે;
તેમાં સઊથિ ઊંચું મંદિર માહરૂં છે.
મંદિર ઊપર અગાસિ વિસાળ આવી;
જ્યાં માંડવો કરિ લલીત લતા ચઢાવી. ૧૩૪

જ્યાં છાંયડા હિલિ રહેલ હસે લતાના
ટાંગ્યાં સુ પીંજર હસે સુક સારિકાનાં.
પૂષ્પે ભર્યાં સરસ છોડ તણાં કુંડાંજે;
છે પાળની ઉપર ગોઠવિ મુકિયાંતે. ૧૩૫
આજે પ્રિયા સરદ ઓચ્છવ જાણિ ત્યાંય;
આવી હસે સખિનિ સાથ અગાસિ માંય.
પીળું હસે વદન આંખ ગયેલિ ઊંડી;
લેવાયલું શરિર હોઠ ફિકાર તૂટી. ૧૩૬
બે આંખ કાજળ વિના કપિલા જણાતી;
ગાલે ધરેડ પડિયું ગળ આંસુડાથી.
વેણી લુખો વિષમ વસ્ત્ર કળા પડેલી;
ચેકાયલી ટિબકિ ભાલ હસે ઠરેલી. ૧૩૭
ગૂલાબ પૂષ્પનિ કરી સુખદા પથારી;
ઓરાડિ જાઇનિ રજાઇ સમારિ સારી.
અંગે કરી સિતલ ચંદન લેપ ભારી;
હોસે સુવારિ સખિએ તહિ પ્રાણપ્યારી.૧૩
પંખે હસે પવન નાંખતિ દાસિ માને;
જોતી હસે સતિ સરોષ તમારિ સામે.
સૂ મોગરાનિ કળિની લેઇ હાથ માળા;
મૂખે થકી જપતિ નાથનુ નામ બાળા.૧
દેતી હસે ધિરજ ધર્મ સખી ઉચાટે;
રે આવસે પતિ હવે સ્મર શાંન્તિ માટે.
મેનાદિ પક્ષિ વદતાં કરિ દીન કાંન્તી;
શાંન્તીમશાંન્તિસતિશાંન્તિમશાંતિશાંન્તી૧૪

છે તૂજ બિંબ સમ સુંદર બિંબ વાળી;
નીસાનિ રાખિ પરખે શશિ મારિ વ્હાલી.
ઊચાટ દૂર કર આજ દયાળુ મારો;
માનીશ પાડ પરિપૂરણ બાપ તારો. ૧૪૧
હે મીત્ર મેં કહિ તને પિડ મૂજ પ્રીતે;
સંભાળિ રાખ અતિ હર્ષ તણીજ રીતે.
સંસારમાં જનમિને નવ લાવ લીધો;
તો વ્યર્થ આ જગતમાં અવતાર લીધો. ૧૪૨

ઊત્તરાર્ધ

વસંત તિલકા છંદ.

બે લાખ આડત્રિ હજાર મઇલિ જ્યારે;
આ ભૂમિને શશિનુ અંતર એવું ભારે.
શીરીત વાત શશિ સાંભળશેજ એની;
ના કલ્પના વિરહિએ કિધિ કાંઈ તેની. ૧૪૩
કામીજને ઉચરિયું દુઃખ એમ ત્યાંથી;
નિર્જીવ જીવ તણું ભાન ભુલી વ્યથાથી.
કામાંધના વિનયમાં નહિ સભ્યતામાં;
ના લાજમાં નહિ વિચાર રૂડા કર્યામાં. ૧૪૪
હૈ તો નથી શિખ કરો પરનાર પ્રીતી;
કહેતો નથી પર પ્રતી થકિ પ્રીતરીતી.
સ્વામી અનૂકુળ પ્રિયાનિ કથા કહીછે;
શ્રૃંગાર વેલિ ફુલિ ફાલિ ફળી રહીછે. ૧૪૫
શ્રૃંગારને જગતમાં જન નીંદનારા;
સન્યાસિ કે પશુ હશે વન વાસનારા.

શૃંગારથી વિરૂધ્ધ ને નગરે વસેજે;
મિથ્થાભિમાનિ નર સદ્ય ગણું બધાતે. ૧૪૬
આ પ્રીતિ કંદ કવિતા ઉપહાસ્ય કારી;
શૃંગાર નીતિ મય-વર્ણનથી સમારી.
જ્ઞાતા જનો ગ્રહણજો ગુણ જે મહાના;
શૃંગાર જાણિ પરિત્યાગ કદી કરોના. ૧૪૭
અજ્ઞાનને પ્રિતિનુ જ્ઞાન કરાવશે એ;
પતિન અને પુરૂષ ધર્મ ધરાવસે એ.
ઊડાવસે મલિન દંપતિના પ્રપંચો;
છે ન્યાય બૂધ્ધી જનને સુખનો સચંકો.૧૪૮
સંસાર સાર સુખ ભોગવવાજ ધારો;
તો પ્રીય બાંન્ધુ મનમાં અતિ પ્રેમ ધારો.
જ્ઞાતા તણા દુઃખદનો કરવા ઘટાડો;
સર્વે સખા સહુ સ્વયંવર ચાલ કાડો.૧૪૯
પ્રીતી કળા સમજનાર પતી પ્રિયાનું;
વીજોગ દૂઃખ વરણ્યું કરિ યત્ન નાનું.
કીધા વસંત તિલકા સતને પચાસ;
દેજો ક્ષમા દરશિ દોષ થજો કૃપાળ. ૧૫૦

સમાપ્ત વખતે ઇશ્વર સ્તુતી

સાર્દુળ વિક્રીડિત છંદ

સંસારાદિ ભવાબ્ધિમાં દંપતિના,સત્યેખરા પ્રેમથી;
સાચો પ્રેમ ધરી -હદે મળ હણી, શુધ્ધી કરો નેમથી.
મીઠી માશુકના વિયોગ બળમાં, લાગે ખરાં રેદુઃખો;
કૃપા નાથ કૃપાકરી અવનિમાં,બક્ષોસંયોગીસુખો. ૬

આર્ય બાંધવોને વિજ્ઞાપન.

રાગ કલ્યાણ

સ્વદેશિ સજ્જનો સ્વસ્થ થઇ સુણો.
દંપતિ ના પૂર્ણ પ્રેમનો, ધડો કરો. ટેક. ૧.
યોગ્ય ઊમ્મરે પરણો બંને, રૂપ ગુણ ભરપૂર;
દેશ હિતના કાર્ય કરી, પ્રખ્યાતિ પામો શૂર. સ્વદેશિ. ૨
સ્ત્રિ પુરૂષના જોડાં મળેજો. સદ્‍ગુણ વિદ્યા સાથ;
સ્વર્ગ સુખમાનિનેલેજો, સઘળો સજ્જ સાથ. સ્વદેશિ
સ્વભાવ મળતા નર નારીના. અવત્રિ આપે સુખ
વળિહોયવિચારસભોગી, કદિન ઊપજે દુઃખ. સ્વદેશિ
પતિપત્નિના પૂર્ણપ્રેમનો, દરશાવ્યો હેવાલ;
પ્રિયબાંન્ધવોમનનકરીને, ઊરમાંકરશોખ્યાલ. સ્વદે
સાર સારતો ગ્રહણ કરીને, શિક્ષા ધરજો કાન;
અસારસર્વતજીનેયારો, ઊરધરશોઅભિમાન. સ્વદેશિ
વંદી વંદી માગે સુભેચ્છક, ઈશ્વર પાસ વચન;
આર્યભૂમિમાંજોડા જગપતી. દંપતિની રમળ મ
સ્વદેશિ સજ્જનો, સ્વસ્થ થઈ સુણો;
દંપતિ ના પૂર્ણ પ્રેમનો ધડો કરો. ૭

સમાપ્ત.

શુદ્ધિ પત્ર

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧	ગીતીનીટુક૧.	પાલક	પાળક
૪	૧૨	કર્યેછે	કર્યાછે
૫	૩	કીની	કીતી
૫	૪	સું	શુ.
૫	૮	નચાસે	નેચાસે
૬	૧	નદ્રી	નીંદ્રા
૮	૧૨	મૈયાનુ.	સૈયાનુ.
૯	૨૨	સદય.	સદય.
૧૧	૧૭	માછાલિ.	માછલિ.
૧૧	૨૨	ગ્રથિત.	ગુંથિત.
૧૬	૨૦	રત્રી	સ્ત્રી.
૧૬	૨૧	રતનો.	રત્નો.
૧૭	૧૧	ચુટી.	ચુંટી.
૨૦	૧૦	ન્હાય.	ન્હાય.
૨૩	૨૩	મારિથી.	મારાથી.
૨૬	૧	પદમ.	પદ્મ.
૨૬	૨	રનાન.	સ્નાન.
૨૬	૭	રવસૂર.	સ્વસૂર
૨૭	૧૦	રતવેછે	સ્તવેછે
૩૧	૫	અહાના	અજ્ઞાના

☞ વખત થોડો અવકાશ નહીં મળવા થી, પ્રૂફ તપાસતા ભૂલો રહેલી માલમ પડી આવવાથી શુધ્ધિપત્રમાં સુધારીછે, માટે સુજ્ઞ વાંચનારાઓ ભૂલ ચૂક સુધારી વાંચસો એવી નમ્રવિનંતીછે.

પ્રસિધ્ધ કર્તા

જાહેરખબર.

આ પુસ્તક જે સાહેબોને રાખવાની ખુશી હશે તેમણે નીચે લખે લે ઠેકાણેથી રોકડી કિમ્મતે મળશે.

વીરમગામ- પંડ્યા. જીભાઈ ગંગારામ ઠે. નાગરવાડો.
રા.રા. મગનલાલ શંકર ઠે. સુતારફળી.
મહેતાજી. શીવલાલ નથુરામ ઠે. બ્રાંચસ્કૂળ.
ભટ મુળશંકર લલુભાઈ. બુકસેલર.

મુંબઈ- રા.રા.પ્રહલાદ દેવશંકર. ઠે. કોટમાં મોદીખાને ગુલી સેઠના માળ પેહેલેમાળે

અમદાવાદ- ઔ.ટો.શુ. સભાના મંત્રી. પાસેથી

વડોદરા- રા.રા.હરીસંકર માણેકજી ઠે. પટોળીઆ પોળમાં. સલ્લી વાલાની ખડકી.

તેરા તાબે કચ્છ- મહેતાજી મગનલાલ હરગોવીદ.

બોરસદ.- રા. લલુભાઈ નારાયણજી. તાલુકદારી કારકુન

ભાવનગર- રા. રા. ચુનીલાલ પરસોતમ ઠે. હાઈસ્કુલ.

પીળકા.- રા. મોતીલાલ પુરૂશોતમ ઠે. બારીકુઈ.

☞. ઊપર લખેલા ઠેકાણા સીવાએ પ્રસિધ્ધ કરતા પાસેથી કાગળ લખી મંગાવી લેવું. વિધાવિલાસિ ગૃહસ્થો. થોડી મુદત માં મારા તરફથી "મહાલક્ષ્મિ મન મોહન રાયની નાટક રૂપે ઊટંગ વાર્તા" એ નામનું ગધ પધાત્મક પુસ્તક તૈયારથયુછે તેને પણ ઊતેજન મળવાથી બાહાર પાડવામાં અવશે નોટ પેડ કાગળ લેવામાં આવશે નહી.

લી. શેવક
લક્ષ્મીશંકર નથુરામ પંડયા
ઠે. વીરમગામ. નાગરવાડો.